<u>વડોદરાના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,(મ્યુનિ.કોર્ટ) મુ.વડોદરા.</u>

ક્રિમિનલ કેસ નં.૫૦૨૪/૨૦૨૬
આંક–

ફરિયાદીઃ શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપીઃ વિરેન સુભાષરાવ મોરે

**ગુન્હોઃ– બી.એન.એસ. કલમ–૧૮૨ મુજબ.**

ફરિયાદપક્ષના કેસની હકીકત ધ્યાને લેતાં આરોપી સામે બી.એન.એસ. ની કલમ–૧૮૨ મુજબની એન.સી. ફરીયાદ પી.એસ.આઇ. પી.કે.નાણાવટીએ નામ.કોર્ટમાં રજૂ કરેલ અને સદર ફરીયાદ નામ.કોર્ટે રજીસ્ટર કરવા હુકમ કરેલ જે આધારે આજરોજ સદર નોન–કોગ્નિઝેબલ ગુનાના આરોપી સંબંધેની ઈન્સાફી કાર્યવાહી શરૂ થાય તે પહેલાં આરોપીએ તેમની સામેનો ગુન્હો કબુલ કરતી પુરસીસ આ અદાલતમાં રજુ કરેલ છે. ત્યારબાદ આરોપીની પ્લી રેકર્ડ કરતાં તેમાં પણ આરોપીએ તેની સામેના ગુન્હાની કબુલાત કરેલ છે. જેથી આરોપીને સમજાવવામાં આવેલ છે કે, તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલા નથી. તેમ છતાં આરોપી સદર ગુન્હાની કબુલાતને વળગી રહેલ છે. જેથી આરોપી તરફે કરવામાં આવેલ કબુલાત ખરી, કાયદેસરની અને સ્વૈચ્છિક હોવાની ખાતરી થતાં તે મંજુર કરવામાં આવેલ છે અને આરોપીને તેમની સામેના આક્ષેપિત બી.એન.એસ. ની કલમ–૧૮૨ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે તેમજ આરોપીની દયાની માંગણીને ધ્યાને લેતાં રહેમ દ્રષ્ટિ રાખી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>:: હુકમ ::</u>**

(૧) આરોપીને બી.એન.એસ.એસ. ની કલમ–૨૭૫ મુજબ બી.એન.એસ. કલમ–૧૮૨ મુજબના ગુનાના કામે તકસીરવાન ઠરાવી રૂા.૨૦૦/– (અંકે રૂપિયા બસ્સો પુરા) ના દંડની શિક્ષા કરવામાં આવે છે. જો દંડની રકમ ભરવામાં કસુર કરે તો ૧(એક) માસની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

સદર કામે કબજે કરવામાં આવેલ મુદામાલનો જો અગાઉ કોઇ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અન્યથા બિનકિંમતી મુદામાલનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) બી.એન.એસ.એસ. ની કલમ–૪૮૧ મુજબ આરોપીના જામીન અપીલ સમય પુરતા ચાલુ રાખવા.

હુકમ આજરોજ ખુલ્લી સ્પેશિયલ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૧૪.૦૩.૨૦૨૬
પાવતી નં.
રૂા.૨૦૦/– (અંકે રૂપીયા બસ્સો પુરા)

**(રીચા અગ્રવાલ)**
જયુડી.મેજી.ફ.ક.,(મ્યુનિ.),
વડોદરા.

Nazir
Judi.Magi.F.C.(Muni) court, Vadodara.